**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૯ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૨૨ દેરાસર ખાતે સવારે ૬.૩૦ કલાકે તપસ્વીઓના સામૂહિક પારણા તથા પ્રભુની શોભાયાત્રા તથા તપ અનુમોદનાનો વરઘોડો અને સંઘ જમણ યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સે-૧૬ સોમનાથ મંદિર ખાતે રાત્રે ૮ કલાકે આરતી તથા ૮.૩૦ કલાકે પ્લેબેક સિંગર નિલેશ વ્યાસ દ્વારા કાર્યક્રમ યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨ રંગમંચ ખાતે રાત્રે ૮ કલાકે આરતી અને બેસ્ટ સીંગર ઓફ ધ સિટી ફિલ્મી ગીત સ્પર્ધા રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સે-૩-ડી યુવક મંડળ દ્વારા ગણેશોત્સવની આરતી સવારે ૮ અને સાંજે ૮ કલાકે તથા પંડિત મનોજ પુજારીજીના કંઠે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે.

● સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ સે-૨-સી દ્વારા આરતી રાત્રે ૯ કલાકે તથા ગણેશોત્સવ નિમિત્તે રાત્રે ૯ કલાકે ગેમ જોકી કૃષ્ણવદન ઠકકર દ્વારા ગેમ કોમ્પિટીશન યોજાશે.

● જય ગોગા યુવક મંડળ સે-૫-બી દ્વારા શોપીંગ સેન્ટર ખાતે આરતી રાત્રે ૮ કલાકે તથા બપોરે ૨ કલાકે રાયસણવાળા ભાવનાબેનનો આનંદનો ગરબો યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા સવારે ૯.૩૦ અને સાંજે ૮.૩૦ કલાકે આરતી યોજાશે. રાત્રે ૯ કલાકે ધો-૧ થીઉના બાળકો માટે જજમેન્ટ ગેમ, મેમરી ગેમ ધો-૪ થી ૬ના બાળકો માટે દોરડા કુદ અને લીંબુ ચમચીની રમત યોજાશે.

# જય અંબે પરિવાર દ્વારા આજે પદયાત્રાનું પ્રસ્થાન

## પદયાત્રામાં ૨૦૦થી વધુ ભાવિકો જોડાશે : સંસ્થા દ્વારા વિવિધ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૨

ભાદરવા મહિનાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે મા અંબાને દર્શન કાજે અંબાજી જવા માટે પદયાત્રીઓ જશે. ગાંધીનગરથી પણ નગરવાસીઓ અંબાજીના દર્શને જશે. શહેરના સે-૧૩-બી ખાતે આવેલા જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી પદયાત્રા જઈ રહી છે. જેમાં શહેરના ૨૦૦ જેટલા પદયાત્રીઓ જોડાય છે. સંસ્થામાં અંબાજી પદયાત્રાના ૩૧મા વર્ષે આજે પદયાત્રા અંબાજી જવા માટે માતાજીના રથ સાથે નીકળશે. જેમાં ૨૦૦થી વધુ પદયાત્રીઓ જોડાશે. જે આ દસમે પહોંચી અગિયારસે ધજા ચઢાવશે.

અંબાજીને મળવા કાજે, મનની મનોકામના કે બાધા પૂરી કરવા અર્થે પદયાત્રીઓ સંપૂર્ણ શ્રધ્ધાથી નીકળશે. સમગ્ર ગુજરાતમાં ભાદરવી પૂનમ મહાસંઘ ટ્રસ્ટ હેઠળ ૫૦૦૦ જેટલા સંઘ જોડાય છે. જેમાંનો ગાંધીનગરનો એક સંઘ જય અંબે પરિવાર ટ્રસ્ટ છેલ્લા ૩૦ વર્ષથી પદયાત્રાનું આયોજન કરે છે. સંસ્થા દ્વારા આયોજાતા આ ૩૧મા વર્ષના પદયાત્રા પ્રસંગે લગભગ ૨૦૦થી વધુ પદયાત્રીઓ માતાજીના રથ સાથે પદયાત્રામાં જોડાશે. સંસ્થાના અગ્રણી લલિત પટેલના જણાવ્યા મુજબ તેમની આ ૫૦મી પદયાત્રા છે. સંસ્થાનો પ્રારંભ ૧૯૮૯થી થયો હતો અને લગભગ ૪૫ પદયાત્રીથી પદયાત્રાની શરૂઆત થઈ હતી. સંસ્થા દ્વારા આ વર્ષે પણ ૮૦ ભાઈઓ અને ૩૦ બહેનોના સ્ટાફ અને ૨૦૦ જેટલા પદયાત્રીઓ મળીને પદયાત્રામાં જોડાશે. પદયાત્રીઓ ખુલ્લા પગે, ઉપવાસ કરી મંદિર સુધી ચાલે છે. સંસ્થા દ્વારા ૧૨ થી ૧૫ અલગ અલગ સમિતિ બનાવવામાં આવી છે જે અલગ અલગ વિષય પર કાર્ય કરશે. સંસ્થા દ્વારા મેડીકલ વાન, બે શાસ્ત્રીજી જોડાશે. પીવાના ચોખ્ખા પાણી સાથે દર ચાર કિમીએ ડ્રાયફ્રુટસ, ગ્રીન ફ્રૂટસ, આઈસક્રીમ તથા જયૂસનું વિતરણ કરાશે. દરરોજ પદયાત્રી વસારે ૨૦ થી ૨૧ કિમી તથા બપોર પછી ૧૦ કિમી જેટલું ચાલશે.

- ધજા અને રથની વચ્ચે પદયાત્રીઓ ચાલશે.
- વ્યસનમુકત યાત્રા
- સભ્યતા સાથે યોજાશે.
- દરેક ભેગા મળી આરતી પૂજા અર્ચના કરશે.
- યાત્રા સંપૂર્ણ ધાર્મિક રીતે જ થશે.
- સંપૂર્ણ યાત્રા દરમિયાન આ વર્ષે ફોટો અને વિડીયોગ્રાફી થશે.
- ૧૨ થી ૧૫ સમિતિ યાત્રા દરમિયાન કાર્યરત રહેશે.





ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગ ખાતે પણ દુંદાળા દેવની સ્થાપના કરવામાં આવી છે. ગણેશ ચતુર્થીના દિવસે સવારે ડો. દિનકર ગોસ્વામીએ પુજા-અર્ચના કરી હતી. આ પ્રસંગે સિવિલના આરએમઓ ડો.રાજેન્દ્ર ચૌહાણ, ડે.આર.એમ.ઓ.ડો.કલ્પેશ જશપરા, ડો.કલપેશ પરીખ સહિત નર્સિંગ સ્ટાફ તેમજ સિવિલના કર્મચારી ભાઈ બહેનો સહિત દર્દીઓ તેમજ મુલાકાતીઓ હાજર રહ્યા હતા. સૌ કોઈએ દુંદાળા દેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે સિવિલમાં ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું.

# બ્રેટ લી શહેરમાં પ્રથમ ન્યુ બોર્ન હીયરીંગ સ્ક્રીનીંગ સેન્ટરનો શુભારંભ કરાવશે

ગાંધીનગર, તા.૨

જન્મથી સાંભળી તેમજ બોલી શકતા ન હોય તેવા મુકબધિર બાળકો માટે કોકલીયર ઈમ્પ્લાન્ટની સર્જરીથી સાંભળવાની શકિત ભેટ સ્વરુપે આપી શકાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી બુધવારે ન્યુ બોર્ન હીયરીંગ સેન્ટર શરુ થવા જઈ રહ્યું છે. ભારત દેશના પ્રથમ સેન્ટરનો પૂર્વ ઓસ્ટ્રેલીયન ક્રિકેટર બ્રેટ લી શુભારંભ કરાવશે.

રાજય સરકાર દ્વારા હવે શાળા આરોગ્ય કાર્યક્રમને પગલે જન્મથી સાંભળી તેમજ બોલી નહી શકતા બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટની સર્જરી વિનામુલ્યે કરવામાં આવે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડો.નિરજ સુરી અને તેમની ટીમ દ્વારા ૫૦૦ થી વધુ કોકલીયર ઈન્પ્લાન્ટની સફળ સર્જરી કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈએન્ડટી વિભાગમાં ન્યુ બોર્ન સ્ક્રીનીંગ સેન્ટર શરુ થવા જઈ રહ્યું છે. અત્યાર સુધી પીડીયાટ્રીક વિભાગમાં આવતા બાળકોની શ્રવણ શકિત એટલે કે સાંભળવાની શકિત ચકસવામાં આવશે. દેશના સૌ પ્રથમ આ સેન્ટરનો શુભારંભ પૂર્વ ઓસ્ટ્રેલીયન ક્રિકેટર અને ગ્લોબલ હીયરીંગ એમ્બેસેડર બ્રેટ લી ના હસ્તે કરવામાં આવશે. તારા ફાઉન્ડેશનના સહયોગથી અહી ખાસ પ્રકારનું ટેસ્ટીંગ મશીન મુકવામાં આવ્યું હતું. જેના દ્વારા નવજાત બાળકની તપાસ કરાશે. બાળકમાં સાંભળવાની ઈન્દ્રીયમાં તકલીફ છે તે જેટલી વહેલી ખબર પડે તેટલી કોકલીયર ઈમ્પ્લાન્ટની સફળતા વધુ હોય છે તેમ ડોકટરોનું માનવું છે.



સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશોત્સવ નિમિત્તે ગણપતિજીની સ્થાપના કરવામાં આવી છે જે સંદર્ભે તા. ૮ સપ્ટેમ્બર સુધી રાત્રે વિવિધ કાર્યક્રમો યોજાશે.

# બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં અંગ્રેજી વિષયે રાજયકક્ષાનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપૂ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં ગુજકોસ્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગર્વમેન્ટ ઓફ ગુજરાત-ગાંધીનગરના સહયોગથી સ્ટેટ લેવલનો એક દિવસીય વર્કશોપ 'નોવેલ મેથડ ઓફ ટિચિંગ લર્નિંગ પ્રોસેસ ઈન કમ્યુનિકેશન સ્કીલસ ફોર ટેકનીકલ સ્ટુડન્ટસ' વિષય પર ૨૮મી ઓગષ્ટના રોજ યોજાયો હતો.

ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ હ્યુમાનીટીઝ દ્વારા યોજાયેલા આ વર્કશોપમાં પ્રથમ વર્ષના ડિગ્રી અને ડિપ્લોમાના આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં મુખ્ય વકતા તરીકે કડીના પ્રાધ્યાપક ડૉ. આનંદ વ્યાસ તથા વાસનના પ્રો. ડૉ. ઉજજવલ પંડિત હાજર રહ્યા હતા. આ ઉપરાંત વર્કશોપમાં સ્પેશીયલ ગેસ્ટ સ્પીકર તરીકે આર.કે. એકેડેમીના ડાયેકટર પરવેઝ હાજર રહી વિદ્યાર્થીઓને વાર્તા દ્વારા અંગ્રેજી શીખવાની ટેકનીક તથા અંગ્રેજીમાં સ્પષ્ટ ઉચ્ચારણ કરવાની ટીપ્સ આપી હતી. ડૉ. આનંદ વ્યાસે વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષય પ્રત્યેના ભય તથા સોશિયલ મિડીયામાં ઉપયોગમાં લેવાતા અંગ્રેજી ભાષાના ગેરફાયદા તથા અંગ્રેજી શીખવાની પધ્ધતિ પર ખુબ જ ઉંડાણપૂર્વક ચર્ચા કરી વિદ્યાર્થીઓને સમગ્ર સેશનમાં મંત્રમુગ્ધ બનાવી દીધા હતા.

આ ઉપક્રમે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા ભરતસિંહ વાઘેલાએ કાર્યક્રમની સફળતા માટે અભિનંદન આપ્યા હતા. સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર, ડીગ્રી પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધવર્યુ, ડિપ્લોમાં પ્રિન્સિપાલ પ્રો. ખાલીદ સિદ્દિકી હાજર રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સમગ્ર વર્કશોપનું આયોજન તથા સંચાલન ડૉ. ઉજજવલ પંડિત, પ્રો. રસીક તન્ના તથા સાયન્સ એન્ડ હ્યુમાનીટીઝ ડિપાર્ટમેન્ટના સમગ્ર સ્ટાફે કર્યું હતું.

# સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ધાર્મિક પ્રવાસ યોજાયો



સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં શહેરમાં રહેતી મહિલાઓને ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધાર્મિક સ્થળો ખોડીયાર મંદિર ભાવનગર, શિહોર ભવનાથ મહાદેવ,ગોમતેશ્વર, ઘેલા સોમનાથ અને સારંગપુર હનુમાનના પ્રવાસમાં ભોળાનાથના દર્શનનો લાભ લીધો હતો.

આ સમગ્ર પ્રવાસનું આયોજન બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલની રાહબરી હેઠળ થયું હતું. જેમાં કમિટીની બહેનો ઉપસ્થિત રહી હતી.

# ચિલોડા-ઓવરબ્રીજ પાસે બાઈક ચાલક ટ્રક સાથે અથડાતાં ઘટના સ્થળે મૃત્યુ





ચિલોડા, તા.૨

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે નવા બનતા ઓવરબ્રીજ પાસે હિંમતનગરથી મોટા ચિલોડા રોડ પર બારેક વાગ્યાના સુમારે ટ્રક નંબર એચ.આર. ૫૫ પી ૩૬૭૨-ટ્રકમાં ગેસના ખાલી સીલીન્ડર ભરી ગાંધીનગર એચ.પી. સ્ટેશને મુકવા સારુ સીકંદરાબાદ આંધ્રપ્રદેશથી નીકળેલ ઉદેપુર થઈ શામળાજી થઈ હિંમતનગર થઈ મોટા ચિલોડા રોડ ઉપર નવા બનતા બ્રીજ પાસે ટ્રક પસાર થઈ રહી હતી ત્યારે સામેથી આવતી મોટર સાયકલ નં. જી.જે. ૨૩ ડીડી ૩૩૫૪ના ચાલકે મોટર સાયકલ પૂર ઝડપે ચલાવી સીધો ટ્રકના આગળના ભાગે મોટર સાયકલ અથડાવી દઈ અકસ્માતમાં બાઈક ચાલક વિજયભાઈ ધીરુભાઈ કાંગસીયા રહે. ભાદરણીયા કાંસકીવાસ, તા. બોરસદ, જિ. આણંદને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ ઉપર તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે ટ્રક ચાલક અલીમા નજીરા મેઉએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ગણેશ મિત્ર મંડળ પેથાપુર દ્વારા ગણેશચતુર્થીના દિવસે પેથાપુર ખાતે સૂર્યસિંહ ડાભીના નિવાસસ્થાનેથી શોભાયાત્રા નીકળી અચલેશ્વર મહાદેવ ખાતે આગમન કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને ગાંધીનગર જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન ૧૦ દિવસ કાર્યક્રમ યોજાનાર છે.

# શહેરમાં સ્પીડગનથી ત્રણ માસમાં ૨૭૪ મેમો ફટકારી રૂ.૧,૦૯,૬૦૦નો દંડ વસુલ્યો

## યુ.એસ.મેડ અદ્યતન લેઝર ટેકનોલોજી આધારીત એક ગન ગાંધીનગર ટ્રાફિક પોલીસને પણ ફાળવવામાં આવી

ગાંધીનગર, તા.૨

રાજયમાં થતા અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરવા બેફામ ગતિએ જતા વાહનો પર રોક લગાવવા રાજયમાં ૩૯ સ્પીડગન વસાવવામાં આવી છે. યુ.એસ.મેડ અદ્યતન લેઝર ટેકનોલોજી આધારીત એક ગન ગાંધીનગર ટ્રાફિક પોલીસને પણ ફાળવવામાં આવી છે. એક સેકન્ડમાં ત્રણ વાહનોની એક કિલોમીટર દુરથી જ ૦ થી ૩૨૦ કિ.મી.ની ઝડપ માપી શકે છે. ત્યારે ગાંધીનગર ટ્રાફિક પોલીસે છેલ્લા ત્રણ માસમાં એટલે કે જુન, જુલાઈ અને ઓગસ્ટ માં ઓવરસ્પીડે જતા વાહન ૨૭૪ ચાલકોને મેમો આપવામાં આવ્યા છે. જેમાં જુન માસમાં ૫૯ મેમો આપીને રૂ.૨૩,૬૦૦, તો જુલાઈ માસમાં ૧૨૩ મેમો આપીને રૂ.૪૯,૨૦૦ તો બીજીતરફ ઓગસ્ટ માસમાં ૯૨ મેમો આપીને રૂ.૩૬,૮૦૦ રૂપીયાનો દંડ વસુલવામાં આવ્યો છે. ત્યારે હાઈ સ્પીડે જતા ચાલકો પાસેથી રૂ.૪૦૦ લેખે કુલ રૂ.૧,૦૯,૬૦૦નો દંડ વસુલવાની કામગીરી હાથ ધરી છે. ઓવર સ્પીડે વાહનો હંકારતા વાહન ચાલકોને સ્થળ પર જ ફોટા સાથેનો મેમો જનરેટ પુરાવા સાથે ઈ-મેમો મોકલાય છે. સ્પીડ ગનમાં વાહનોની સ્પીડનું પણ વિડીયો રેકોડીંગ પણ થાય છે. જેથી કોઈ વાહન ચાલક સ્પીડ બાબત અંગે માથાકુટ કરે તો પુરાવ રજુ કરી શકાય છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજમાં ઓપ્થેમોલોજી વિભાગમાં પીજીની બે બેઠક મંજુર

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર કર્મચારી નગરમાંથી શિક્ષણનગરી બની ગયું છે. શહેરમાં કેજી થી લઈને પીજી સુધીનો અભ્યાસ થાય છે. શહેરમાં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા વારંવાર પીજીના અભ્યાસક્રમ માટે વિવિધ વિભાગ દ્વારા અરજી કરવામાં આવતી હતી. પરંતુ એમસીઆઈ દ્વારા પીજીના અભ્યાસક્રમ માટે પીજીની મંજુરી મળતી ન હતી. ત્યારે તાજેતરમાં ઓપ્થોમોલોજી વિભાગ દ્વારા પીજી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જેને પગલે આંખ વિભાગમાં તાજેતરમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન આવ્યું હતું. એમસીઆઈની ટીમે મેડીકલ કાઉન્સીલને રીપોર્ટ મોકલી આપ્યા બાદ ગાંધીનગર મેડીકલ કોલેજને પીજી માટે બે બેઠક મળી છે. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજને એમસીઆઈ દ્વારા સૌ પ્રથમવાર ઓપ્થેમોલોજી વિભાગમાં પીજી માટે બે બેઠકો ફાળવવામાં આવતા કોલેજ પ્રશાસનમાં પણ આનંદ છવાયો છે.

પાટનગરની મેડીકલ કોલેજ ૨૦૦ બેઠકની બની ગઈ છે. તાજેતરમાં મેડીકલ કોલેજની ૭મી બેંચનો અભ્યાસક્રમ પણ શરુ થઈ ગયો છે. તો બીજી તરફ ડોકટરોની એક બેચ પણ બહાર પડી ગઈ છે. ત્યારે વિવિધ વિભાગ તરફથી મેડીકલ કોલેજ પીજીના અભ્યાસક્રમ માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયામાં દરખાસ્ત કરવામાં આવતી હતી. એમસીઆઈની ટીમ પણ ઈન્સ્પેકશનમાં આવતી હતી. પરંતુ અત્યાર સુધી એક પણ પીજીની બેઠકને મંજુરી મળી ન હતી. જયારે તાજેતરમાં આંખ વિભાગ દ્વારા પીજીની બેઠક માટે દરખાસ્ત કરાઈ હતી અને એમસીઆઈની ટીમ આવીને ઈસ્પેકશન કરી ગઈ હતી. ત્યારે માત્ર ટુંકાગાળામાં એમસીઆઈ તરફથી બે બેઠક માટે લીલીઝંડી મળી ગઈ છે. એમસીઆઈ દ્વારા સૌ પ્રથમવાર આંખ વિભાગને ૨ બેઠક પ્રાપ્ત થઈ છે. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજમાં ટુંક સમયમાં પીજીનો અભ્યાસક્રમ પણ શરુ થશે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● સાહો
૯.૧૫, ૧૦.૧૫, ૧૧.૪૫, ૧૨.૫૦, ૧.૫૦, ૩.૨૦, ૫.૨૫, ૬.૫૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૩૦

● મિશન મંગલ
૧૦.૪૫, ૧.૦૦, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫

● બાટલા હાઉસ
૧.૩૫, ૧૦.૧૫ રાત્રે

● ધ એંગ્રી બર્ડસ મુવી-૨
૩ડી હિન્દી-૯.૩૫ સવારે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● સાહો
૯.૧૫, ૧૨.૫૦, ૪.૨૫, ૮.૦૦, ૧૦.૧૫, ૧.૫૦, ૫.૨૫, ૯.૦૦, ૧૧.૧૫, ૨.૫૦, ૬.૨૫, ૧૦.૦૦

● મિશન મંગલ
૯.૩૦

● બાટલા હાઉસ
૧૦.૧૫, ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૦૦

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● સાહો
૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૪૦

● મિશન મંગલ
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

● બાટલા હાઉસ
૧.૩૦, ૭.૩૦

### સિટી પલ્સ કુડાસણ

● સાહો
૧૦.૩૦, ૧૧.૪૫, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૧૫, ૩.૪૫, ૫.૩૦, ૬.૪૫, ૭.૦૦, ૯.૩૦, ૧૦.૧૫

● મિશન મંગલ
૨.૦૦, ૧૦.૦૦

● બાટલા હાઉસ
૪.૩૦

● ચાલ જીવી લઈએ
૧૧.૩૦ સવારે

● ચાસની (ગુજરાતી)
૭.૧૫ સાંજે

## ચિરવિદાય

- સ્વ. શાંતિલાલ સોમનાથ સુથાર, ઉ.વ. ૭૯
- સ્વ. ઈશ્વરભાઈ જીવણભાઈ વાઘરી, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર કનુજી પુંજાજી, ઉ.વ. ૫૫
- સ્વ. રાઉત શ્રીધર દિગંબર, ઉ.વ. ૭૧

# પીડિતોને રોકડમાં વળતર આપવાની સરકારની યોજના અંગે માર્ગદર્શન કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર દ્વારા અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ સંચાલિત સ્વધારગૃહ (માતૃછાયા) નારી સંરક્ષણ ગૃહ સે. ૧૨, ગાંધીનગર ખાતે પેરાલીગલ એડવાઈઝર કમિટીના પ્રતિનિધિ શ્રીમતી વિમળાબેન આયાચી દ્વારા એક કાનૂની




શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ શિબિરમાં પીડિત વ્યક્તિઓને ગંભીર પ્રકારના અપરાધોનો ભોગ બનેલા તેવી વ્યક્તિઓને સમયમર્યાદામાં રોકડમાં મળવાપાત્ર વળતરની સરકારી વિવિધ યોજનાઓ ૨૦૧૯ અંગે માહિતી અને સમજણ પુરી પાડી હતી.

આ કાર્યક્રમમાં સ્વધારગૃહ નારી સરક્ષણ ગૃહના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે, કમિટી મેમ્બર, પલ્લવીબેન ગુપ્તે, દક્ષાબેન સોલંકી, જશોદાબેન જોષીયારા, પી.એલ.વી. જીગીશાબેન ઉપાધ્યાય વગેરે હાજર રહ્યા હતા.